# અડાજણમાં મુંબઇનો વેપારી પિસ્તોલ, કારતુસ અને છરા સાથે ઝડપાયો.

તા.૧૫/03/૨૦૧૭

અડાજણમાં પોલીસે હથિયારો લઇને રિક્ષામાંથી ઉતરેલા મુંબઇના વેપારીને ઝડપી પાડયો હતો. કરિયાણાના હોલ સેલ વેપારી પાસેથી પોલીસે પીસ્તોલ, જીવતા કારતૂસ અને છરા સહિતના હથિયારો જપ્ત કર્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ અમરેલી જિલ્લાના ધારીના વતની હાલમાં મુંબઇમાં રહેતા દર્શનભાઇ રસિકભાઇ તન્ના સોમવારે રાત્રે અડાજણમાં ગ્રીન સીટી પાસે રિક્ષામાંથી ઉતર્યા હતા. રિક્ષામાંથી ઉતરતા શંકાના આધારે પોલીસે દર્શનભાઇને અટકાવ્યા હતા. પોલીસે દર્શન ભાઇને અટકાવીને તેની અંગઝડતી લેતા તેના ખિસ્સામાંથી ૧ પીસ્તોલ, ૨ જીવતા કારતુસ અને ૧ છરો મળ્યો હતો. પોલીસે દર્શનભાઇની પૂછપરછ કરતા તેમણે પોતે મુંબઇમાં રહેતા હોવાની કબૂલાત કરી હતી. દર્શનભાઇની કબૂલાત અનુસાર તેની પત્ની સુરતમાં પોતાના પિયરમાં રહે છે. દર્શનભાઇના સાસરીયા સાથે સબંધ ખરાબ હોવાની કબૂલાત કરી હતી. વધુ પુછપરછ માટે પોલીસે દર્શનને બે દિવસના રિમાન્ડ પર મોકલી દીધો હતો.